# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર



**મંગળવારે મંગલ 'કેસરિયો' | આણંદ મનપામાં કોંગ્રેસમાં જિલ્લા પ્રમુખ જીત્યા પણ મહાનગર પ્રમુખને પછડાટ**

# આણંદ-કરમસદ મનપામાં ભાજપનો ઐતિહાસિક વિજય

**લઘુમતી વોર્ડમાં** કોંગ્રેસનો દબદબો બરકરાર, આઠમાંથી સાત બેઠક મળી

(પ્રતિનિધિ) આણંદ તા.28

આણંદ, વિદ્યાનગર અને કરમસદ પાલિકાના વિલીનીકરણ બાદ અસ્તિત્વમાં આવેલી મહાનગરપાલિકાના પ્રથમ ચૂંટણી જંગમાં ભારતીય જનતા પાર્ટીએ ભવ્ય વિજય મેળવીને સત્તાના સૂત્રો કબજે કર્યા છે. ગત રવિવારે યોજાયેલા 61 ટકા જેટલા મતદાન બાદ મંગળવારે હાથ ધરાયેલી મતગણતરીમાં મંગલ કેસરિયો લહેરાયો હતો. કુલ 52 બેઠકો પૈકી ભાજપે 43 બેઠકો પર જીત હાંસલ કરીને વિરોધ પક્ષોના સૂપડા સાફ કરી દીધા છે.

કરમસદ - આણંદ મનપાની પ્રથમ ચૂંટણીને લઈ છેલ્લા એક મહિનાથી ચાલતા હાઈડ્રામાનો મંગળવારની સમીસાંજે અંત આવ્યો છે. આ પ્રથમ ચૂંટણીમાં ભાજપે ફરી એક વખત પોતાનો દબદબો કાયમ કર્યો છે અને વિરોધીઓના મોઢા ચુપ કરી દીધાં છે. વલ્લભ વિદ્યાનગર ખાતે મતગણતરી દરમિયાન વિજેતા ઉમેદવારોના નામ જાહેર થતાં જ હર્ષોલ્લાસ સાથે તેને વધાવવામાં આવી રહ્યાં હતાં. જોકે, વોર્ડ નં.3 અને 4માં કોંગ્રેસના ઉમેદવારો વિજય થયાં છે.

આણંદ નગરપાલિકાની ગત ટર્મના શાસન દરમિયાન ભાજપે 52માંથી 36 બેઠકો મેળવી હતી, જેની સરખામણીએ મનપાના આ પ્રથમ જંગમાં ભાજપે 43 બેઠકો મેળવી પોતાની તાકાતમાં વધારો કર્યો છે. રાજકીય દ્રષ્ટિએ જોતા, વર્ષોથી કોંગ્રેસ સમર્પિત ગણાતા લઘુમતી વોર્ડ વિસ્તારોએ પોતાનો મિજાજ જાળવી રાખ્યો છે. વોર્ડ નં. 3 અને 4માં આઠ બેઠકમાંથી કોંગ્રેસનો સાત પર વિજય થયો છે. જોકે, કોંગ્રેસ માટે આ જીત મિશ્ર રહી છે. એક તરફ વોર્ડ નં. 1 માં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અલ્પેશ પઢીયાર વિજયી થયા છે, તો બીજી તરફ આણંદ મહાનગર કોંગ્રેસ પ્રમુખને હારનો સામનો કરવો પડ્યો છે.

વિદ્યાનગરની નલીની આર્ટસ કોલેજ ખાતે સવારે 9 વાગ્યાથી ચુસ્ત પોલીસ બંદોબસ્ત હેઠળ મતગણતરી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. કુલ 13 વોર્ડની 52 બેઠકોમાંથી 12 બેઠકો અગાઉ જ બિનહરીફ જાહેર થઈ હતી, જ્યારે બાકીની 40 બેઠકો માટે રવિવારે મતદાન થયું હતું. જેમ જેમ પરિણામો જાહેર થતા ગયા તેમ તેમ ભાજપના કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો અને કેસરિયો માહોલ છવાઈ ગયો હતો.

# નડિયાદ મનપાની પ્રથમ ચૂંટણીમાં ભાજપનું 'બુલડોઝર' ફરી વળ્યું

**ધારાસભ્યના** પિતરાઈની હાર સામા પક્ષે કોંગ્રેસ વિપક્ષ પણ નહીં બની શકે

(પ્રતિનિધિ) નડિયાદ તા.28

નડિયાદ મહાનગરપાલિકાની પ્રથમ અને પ્રતિષ્ઠાભરી ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ વિરોધ પક્ષના સૂપડા સાફ કરી ઐતિહાસિક અને એકહથ્થુ શાસન સ્થાપિત કર્યું છે. કુલ 52 બેઠકો પૈકી ભાજપે 51 બેઠકો પર ભવ્ય વિજય મેળવ્યો છે, જ્યારે કોંગ્રેસના ફાળે માત્ર એક બેઠક આવી છે.

આ ચૂંટણીમાં ભાજપે શિસ્તબદ્ધ રણનીતિ અપનાવીને અનેક વરિષ્ઠ નેતાઓને સાઈડલાઈન કરી નવા ચહેરાઓને મેદાનમાં ઉતાર્યા હતા. ટિકિટ વહેંચણીમાં સ્થાનિક નેતાઓના સબંધીઓનો પ્રભાવ હોવા છતાં, મતદારોએ ઉમેદવારના બદલે માત્ર 'કમળ'ના નિશાન પર ભરોસો મૂક્યો હોય તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. ભાજપના રણનીતિકારોએ અંતિમ ક્ષણ સુધી પક્ષના નિશાનને જ પ્રાધાન્ય આપ્યું હતું, જે સફળ સાબિત થયું છે.

સમગ્ર ચૂંટણી પરિણામોમાં વોર્ડ નંબર 12 સૌથી વધુ ચર્ચાસ્પદ રહ્યો છે. અહીં કોંગ્રેસના શહેર પ્રમુખ હાર્દિક ભટ્ટે 4200 મતો મેળવીને ભાજપના ઉમેદવાર અને સ્થાનિક ધારાસભ્યના પિતરાઈ હેમિલ ઉર્ફે ભયલુ પટેલને પરાજય આપ્યો છે. આ બેઠક ભાજપ માટે પ્રતિષ્ઠાનો જંગ હતી, જે ગુમાવવી પડી છે. જોકે, કોંગ્રેસના અન્ય દિગ્ગજો જેવા કે જીતેન્દ્ર પટેલ (આઝાદ), ગોકુલ શાહ અને સલ્લુકાકા પોતાની બેઠકો બચાવી શક્યા નથી.

રાજકીય સમીકરણો મુજબ, 52 બેઠકોવાળી આ પાલિકામાં સત્તાવાર વિરોધ પક્ષ બનવા માટે ઓછામાં ઓછી 10 ટકા બેઠકો એટલે કે 5થી 6 સભ્યો હોવા જરૂરી છે. કોંગ્રેસ પાસે માત્ર એક જ સભ્ય હોવાથી તેઓ કાનૂની રીતે વિપક્ષી નેતાની સવલતો મેળવી શકશે નહીં. માત્ર હાર્દિક ભટ્ટ એકમાત્ર લડાયક સભ્ય તરીકે સામાન્ય સભામાં લોકોના પ્રશ્નો ઉઠાવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ચૂંટણી પૂર્વે જ ભાજપના 3 ઉમેદવારો બિનહરીફ જાહેર થયા હતા. જ્યારે વોર્ડ નંબર 13માં ભાજપના ઈશીત પટેલે સૌથી વધુ 8856 મત મેળવી વિજયી લીડ જાળવી રાખી હતી. ગત ચૂંટણીની સરખામણીએ કોંગ્રેસના મતોની સંખ્યામાં વધારો થયો હોવા છતાં, બેઠકો જીતવામાં તેઓ નિષ્ફળ રહ્યા છે.

## કરમસદ - આણંદ મનપાના વિજેતા (કુલ 52, ભાજપ-43, કોંગ્રેસ-8, અપક્ષ-1)

| | | | | |
|---|---|---|---|---|
| વોર્ડ - 1 | સા.સ્ત્રી | નિકિતા ચેતનકુમાર રાઠોડ | ભાજપ | 5089 |
| વોર્ડ - 1 | સા.સ્ત્રી | નિકિતાબેન પટેલ | ભાજપ | 4976 |
| વોર્ડ - 1 | ઓબીસી | જયંતિભાઇ સોમાભાઇ ચૌહાણ | ભાજપ | 5219 |
| વોર્ડ - 1 | સામાન્ય | અલ્પેશભાઇ પઢીયાર | કોંગ્રેસ | 5037 |
| વોર્ડ - 2 | OBC | હંસાબેન દિપકસિંહ ચૌહાણ | ભાજપ | 5532 |
| વોર્ડ - 2 | સા.સ્ત્રી | દિપીકાબેન ભૂપેન્દ્રભાઇ પટેલ | ભાજપ | 6236 |
| વોર્ડ - 2 | સામાન્ય | કિરણસિંહ રામસિંહ પરમાર | ભાજપ | 6573 |
| વોર્ડ - 2 | સામાન્ય | મિતેશભાઇ બકુલચંદ્ર પટેલ | ભાજપ | 6249 |
| વોર્ડ - 3 | OBCસ્ત્રી | રેશમા મહંમદરફી મન્સુરી | કોંગ્રેસ | 7718 |
| વોર્ડ - 3 | સા.સ્ત્રી | નજમાબાનુ ફીરોજખાન પઠાણ | કોંગ્રેસ | 8700 |
| વોર્ડ - 3 | એસટી | મહેશભાઇ ઠાકોરભાઇ વસાવા | અપક્ષ | 9908 |
| વોર્ડ - 3 | સામાન્ય | જાવેદ સત્તારભાઇ વહોરા | કોંગ્રેસ | 10299 |
| વોર્ડ - 4 | OBCસ્ત્રી | એરિકાબેન મેકવાન | કોંગ્રેસ | 7747 |
| વોર્ડ - 4 | સા.સ્ત્રી | અયમાન મોઇનુદ્દીન નાથાણી | કોંગ્રેસ | 7983 |
| વોર્ડ - 4 | ઓબીસી | સલીમશા કાલુશા દિવાન | કોંગ્રેસ | 7918 |
| વોર્ડ - 4 | સામાન્ય | નુરમોહંમદ મોહંમદભાઈ વ્હોરા | કોંગ્રેસ | 7973 |
| વોર્ડ - 5 | ST સ્ત્રી | રંજનબેન રમેશભાઇ વસાવા | ભાજપ | 3877 |
| વોર્ડ - 5 | OBCસ્ત્રી | પ્રેમીલાબેન પરમાર | ભાજપ | 4689 |
| વોર્ડ - 5 | એસસી | ભાવેશકુમાર સોલંકી | ભાજપ | 4649 |
| વોર્ડ - 5 | સામાન્ય | રોહિતકુમાર વાઘેલા | ભાજપ | 4221 |
| વોર્ડ - 6 | OBCસ્ત્રી | હિરલબેન અર્પણકુમાર શાહ | ભાજપ | બિ.હરિફ |
| વોર્ડ - 6 | સા.સ્ત્રી | કવિતા જીગ્નેશ પટેલ | ભાજપ | બિ.હરિફ |
| વોર્ડ - 6 | સામાન્ય | નિશિતકુમાર શરદકુમાર પટેલ | ભાજપ | બિ.હરિફ |
| વોર્ડ - 6 | સામાન્ય | સ્વપ્નીલ દિનુભાઇ પટેલ | ભાજપ | બિ.હરિફ |
| વોર્ડ - 7 | સા.સ્ત્રી | ગાર્ગી ચંદ્રકાંત પટેલ | ભાજપ | બિ.હરિફ |
| વોર્ડ - 7 | સા.સ્ત્રી | જશોદાબેન ભાવનાણી | ભાજપ | બિ.હરિફ |
| વોર્ડ - 7 | ઓબીસી | પ્રભાત હીરાભાઇ પ્રજાપતિ | ભાજપ | 6959 |
| વોર્ડ - 7 | સામાન્ય | મયૂરકુમાર જગદીશભાઇ પટેલ | ભાજપ | 5119 |
| વોર્ડ - 8 | સા.સ્ત્રી | પ્રીતિબેન સુનિલકુમાર શાહ | ભાજપ | બિ.હરિફ |
| વોર્ડ - 8 | સા.સ્ત્રી | હાર્દિકાબેન ઠક્કર | ભાજપ | બિ.હરિફ |
| વોર્ડ - 8 | ઓબીસી | અમિતકુમાર ઠાકોર | ભાજપ | બિ.હરિફ |
| વોર્ડ - 8 | સામાન્ય | હરેકૃષ્ણ વિઠ્ઠલભાઇ પટેલ | ભાજપ | 6764 |
| વોર્ડ - 9 | સા.સ્ત્રી | નિરાલીબેન હિરેનભાઇ પટેલ | ભાજપ | બિ.હરિફ |
| વોર્ડ - 9 | સા.સ્ત્રી | રૂપલ બાલકિષ્ના પટેલ | ભાજપ | બિ.હરિફ |
| વોર્ડ - 9 | ઓબીસી | કમલેશભાઇ દેવેન્દ્રસિંહ ડાભી | ભાજપ | 5501 |
| વોર્ડ - 9 | સામાન્ય | અમિતકુમાર ભાનુભાઇ પુરોહિત | ભાજપ | 5922 |
| વોર્ડ - 10 | સા.સ્ત્રી | કૃતિકા સૌમિલ પટેલ | ભાજપ | 6440 |
| વોર્ડ - 10 | સા.સ્ત્રી | મયુરીબેન દિલીપકુમાર રાય | ભાજપ | 4930 |
| વોર્ડ - 10 | ઓબીસી | ભરતભાઇ રણછોડભાઇ સોલંકી | ભાજપ | 5002 |
| વોર્ડ - 10 | સામાન્ય | વિકાસ ચંદ્રેશભાઇ પટેલ | ભાજપ | 5193 |
| વોર્ડ - 11 | OBCસ્ત્રી | વર્ષાબહેન ભાવિનભાઇ પરમાર | ભાજપ | 5406 |
| વોર્ડ - 11 | સા.સ્ત્રી | સોનલબહેન નિશાંતભાઈ શાહ | ભાજપ | 5284 |
| વોર્ડ - 11 | સામાન્ય | મિલન મહેન્દ્રભાઇ પટેલ | ભાજપ | 6304 |
| વોર્ડ - 11 | સામાન્ય | હાર્દિક પટેલ (શનિ) | ભાજપ | 5532 |
| વોર્ડ - 12 | SC સ્ત્રી | ધુળીબેન ભીખાભાઇ વણકર | ભાજપ | 5088 |
| વોર્ડ - 12 | સા.સ્ત્રી | રૂપલબેન વનિસકુમાર પટેલ | ભાજપ | 4709 |
| વોર્ડ - 12 | ઓબીસી | મયુરભાઇ અમૃતભાઇ સુથાર | ભાજપ | 5345 |
| વોર્ડ - 12 | સામાન્ય | મહેન્દ્રસિંહ સોલંકી | ભાજપ | 5770 |
| વોર્ડ - 13 | OBCસ્ત્રી | ચેતનાબેન જીતેન્દ્રકુમાર ચાવડા | ભાજપ | બિ.હરિફ |
| વોર્ડ - 13 | સા.સ્ત્રી | મયુરીબેન નલિનભાઈ પટેલ | ભાજપ | 3951 |
| વોર્ડ - 13 | સામાન્ય | રાજેશભાઈ બાબુભાઈ પઢિયાર | ભાજપ | 4915 |
| વોર્ડ - 13 | સામાન્ય | કેતન રમણભાઈ બારોટ | ભાજપ | 4911 |

# આણંદમાં કોંગ્રેસના વિજયી સરઘસ પર હિચકારો હુમલો

(પ્રતિનિધિ) આણંદ તા.28

આણંદ-કરમસદ મનપાની પ્રથમ ચૂંટણીના પરિણામો જાહેર થતા જ શહેરમાં રાજકીય ગરમાવો તેજ બન્યો છે. મનપાની કુલ 52 બેઠકોમાંથી 43 બેઠકો પર ભાજપે ભવ્ય વિજય મેળવી 'ક્લીન સ્વીપ' કરી હોવા છતાં, લઘુમતી પ્રભુત્વ ધરાવતા વોર્ડ નં. 3 અને 4માં શાસક પક્ષને કારમી હારનો સામનો કરવો પડ્યો છે.

આણંદના વોર્ડ નં.4માં કોંગ્રેસની પેનલ વિજેતા જાહેર થતા સમર્થકો દ્વારા વિજયી સરઘસ કાઢવામાં આવ્યું હતું, ત્યારે પરાજયથી હતપ્રભ બનેલા સત્તાધારી પક્ષના પરાજિત ઉમેદવાર અને તેમના સાગરીતોએ મિલ્લત નગર વિસ્તારમાં રેલીને આંતરી હતી. આ રાજકીય હાર સહન ન થતા પરાજિત પક્ષના ટોળાએ મારક હથિયારો સાથે વિજયી ઉમેદવાર અને તેમના સમર્થકો પર હિચકારો હુમલો કર્યો હતો.

આ હિંસક અથડામણમાં વિજેતા ઉમેદવાર સલીમ દિવાનના પત્ની સહિત અન્ય લોકો ઈજાગ્રસ્ત થયા છે.આ ઘટનાને પગલે વિસ્તારમાં તંગદિલી ફેલાઈ હતી, જોકે પોલીસ કાફલાએ તુરંત ઘટનાસ્થળે પહોંચી સ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો અને હુમલાખોરો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પરાજયના આક્રોશમાં થયેલા આ હુમલાએ કરમસદના રાજકારણમાં ચકચાર જગાવી છે.

# મરીડા: વિજય સરઘસ સમયે ભાજપ કોંગ્રેસના કાર્યકરો સામસામે આવ્યાં

**સરઘસમાં બબાલ** થતા ડીવાયએસપી સહિતનો પોલીસ કાફલો દોડી ગયો

(પ્રતિનિધિ) નડિયાદ, તા.28

નડિયાદ તાલુકા પંચાયતની મરીડા બેઠક પર કોંગ્રેસના ઉમેદવારની જીત બાદ નીકળેલા વિજય સરઘસ દરમિયાન ભાજપ અને કોંગ્રેસના કાર્યકર્તાઓ વચ્ચે ઘર્ષણ સર્જાતા વાતાવરણ ગરમાયું હતું.

નડિયાદ તાલુકા પંચાયતની મરીડા બેઠક પર ચૂંટણી પરિણામો જાહેર થયા બાદ રાજકીય ગરમાવો જોવા મળ્યો હતો. આ બેઠક પર કોંગ્રેસ પક્ષના ઉમેદવાર રાજેશ ચૌહાણનો વિજય થતા કોંગ્રેસના છાવણીમાં ખુશીનો માહોલ છવાયો હતો. જીતની ઉજવણી કરવા માટે કોંગ્રેસ દ્વારા મરીડા ગામમાં એક વિજય સરઘસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સરઘસ ગામના વિવિધ વિસ્તારોમાંથી પસાર થઈ રહ્યું હતું ત્યારે અચાનક રાજકીય માહોલ તંગ બની ગયો હતો. વિજય સરઘસ જ્યારે ગામના ચોક્કસ વિસ્તારમાંથી પસાર થઈ રહ્યું હતું ત્યારે કોઈ કારણસર ભાજપ અને કોંગ્રેસના કાર્યકર્તાઓ સામસામે આવી ગયા હતા. બંને પક્ષના કાર્યકરો વચ્ચે બોલાચાલી અને ઉગ્ર સુત્રોચ્ચાર થતા જોતજોતામાં વાતાવરણ ડહોળાયું હતું. ચૂંટણીની અદાવતને લઈને બંને પક્ષના ટેકેદારો વચ્ચે ઘર્ષણ થવાની નોબત આવતા ગામના લોકોમાં પણ ભયનો માહોલ જોવા મળ્યો હતો. મામલો વધુ બિચકે તેવી સંભાવનાઓ વચ્ચે સ્થાનિકો દ્વારા તાત્કાલિક પોલીસને જાણ કરવામાં આવી હતી.

આ બનાવની ગંભીરતાને પારખીને નડિયાદ ડીવાયએસપી અને ખેડા ક્રાઈમ બ્રાન્ચની ટીમ તેમજ નડિયાદ રૂરલ પોલીસનો કાફલો ગણતરીની મિનિટોમાં જ મરીડા ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસના ધાડેધાડા ઉતરી પડ્યાં હતાં.

# ઉમરેઠ પાલિકામાં 28માંથી 24 બેઠકો પર ભગવો લહેરાયો

(પ્રતિનિધિ) ઉમરેઠ, તા. 28

ઉમરેઠ નગરપાલિકા પર ભારતીય જનતા પાર્ટીએ ભવ્ય વિજય મેળવીને કેસરીયો લહેરાવ્યો છે. નગરપાલિકાની કુલ 28 બેઠકોમાંથી ભાજપે 24 બેઠકો પર જીત મેળવી મોટી બહુમતી હાંસલ કરી છે. આ 24 બેઠકોમાં 2 બેઠકો અગાઉ જ બિનહરીફ જાહેર થઈ હતી, જ્યારે 22 બેઠકો પર ભાજપના ઉમેદવારોનો વિજય થયો છે. ચૂંટણીના પરિણામો મુજબ, કોંગ્રેસના ફાળે માત્ર 3 બેઠકો અને અપક્ષના ફાળે 1 બેઠક આવી છે. નગરના કુલ 7 વોર્ડમાંથી 5 વોર્ડમાં ભાજપની આખી પેનલ વિજેતા બની છે, જ્યારે બાકીના 2 વોર્ડમાં કોંગ્રેસ અને અપક્ષ ઉમેદવારોને સફળતા મળી છે.

## નડિયાદ મહાનગરપાલિકાના વિજેતા ઉમેદવારો (કુલ 52, ભાજપ - 51, કોંગ્રેસ-1)

| | | | | |
|---|---|---|---|---|
| વોર્ડ - 1 | OBC સ્ત્રી | લીલાબેન પુનમભાઇ પરમાર | ભાજપ | 5867 |
| વોર્ડ - 1 | સા. સ્ત્રી | ભાવિશાબેન સુક્તિકુમાર પટેલ | ભાજપ | 6385 |
| વોર્ડ - 1 | એસસી | સુનીલભાઇ સોનારા (શસ્ત્રી) | ભાજપ | 4806 |
| વોર્ડ - 1 | સામાન્ય | પરેશભાઈ મનુભાઈ પટેલ | ભાજપ | 6285 |
| વોર્ડ - 2 | OBC સ્ત્રી | પિન્કલબેન રબારી (એચએમ) | ભાજપ | 4192 |
| વોર્ડ - 2 | સા. સ્ત્રી | રેખાબેન રમાકાંત મિશ્રા | ભાજપ | 3554 |
| વોર્ડ - 2 | ઓબીસી | બકુલભાઇ હરતનભાઇ રબારી | ભાજપ | 4688 |
| વોર્ડ - 2 | સામાન્ય | હર્ષદભાઇ ગોવિંદભાઇ ગોહિલ | ભાજપ | 3940 |
| વોર્ડ - 3 | સા.સ્ત્રી | પ્રવિણાબેન ટહેલ્યાણી | ભાજપ | બિ.હરીફ |
| વોર્ડ - 3 | સા. સ્ત્રી | જયોતિબેન તળપદા | ભાજપ | બિ.હરીફ |
| વોર્ડ - 3 | ઓબીસી | બાલાભાઇ નાગજીભાઇ ભરવાડ | ભાજપ | 5184 |
| વોર્ડ - 3 | સામાન્ય | હેમાંગકુમાર સંજીવભાઇ પટેલ | ભાજપ | 4388 |
| વોર્ડ - 4 | OBC સ્ત્રી | લાભુબેન અજયભાઈ ભરવાડ | ભાજપ | બિ.હરીફ |
| વોર્ડ - 4 | સા. સ્ત્રી | મીતાબેન પીયુષભાઇ પટેલ | ભાજપ | 5351 |
| વોર્ડ - 4 | ST | શેખર રમેશભાઇ ભીલ | ભાજપ | 4091 |
| વોર્ડ - 4 | સામાન્ય | નૈનેશકુમાર પ્રફુલભાઇ પટેલ | ભાજપ | 6063 |
| વોર્ડ - 5 | SC સ્ત્રી | પુષ્પાબેન પરમાર (કાનાભાઇ) | ભાજપ | 5177 |
| વોર્ડ - 5 | સા. સ્ત્રી | રીમાબેન સ્નેહલકુમાર પટેલ | ભાજપ | 5517 |
| વોર્ડ - 5 | ઓબીસી | પરાગ બ્રહ્મભટ્ટ (બારોટ) | ભાજપ | 6966 |
| વોર્ડ - 5 | સામાન્ય | મહંમદરફીક ઇબ્રાહીમ શાભઇ | ભાજપ | 6463 |
| વોર્ડ - 6 | સા. સ્ત્રી | રીપુ સુશીલભાઈ પટેલ (રચુ) | ભાજપ | 6572 |
| વોર્ડ - 6 | સા. સ્ત્રી | સાનુ નીતેશભાઈ પટેલ | ભાજપ | 4765 |
| વોર્ડ - 6 | ઓબીસી | અમૃતભાઈ પરમાર | ભાજપ | 5268 |
| વોર્ડ - 6 | સામાન્ય | શિલ્પનકુમાર પટેલ (દાસ) | ભાજપ | 5820 |
| વોર્ડ - 7 | સા. સ્ત્રી | ધ્રુતિબેન ધ્રુવકુમાર પટેલ | ભાજપ | 3743 |
| વોર્ડ - 7 | સા. સ્ત્રી | મેઘનાબેન વિકાસભાઇ શાહ | ભાજપ | 3103 |
| વોર્ડ - 7 | ઓબીસી | ધ્રુવ ભરતકુમાર બારોટ | ભાજપ | 3017 |
| વોર્ડ - 7 | સામાન્ય | ભાવેશભાઇ દેસાઇ (ભાઈજી) | ભાજપ | 3901 |
| વોર્ડ - 8 | OBC સ્ત્રી | ભુમીબેન બ્રહ્મભટ્ટ | ભાજપ | 4966 |
| વોર્ડ - 8 | સા. સ્ત્રી | કરિશ્મા પરેરા (તલાટી) | ભાજપ | 4742 |
| વોર્ડ - 8 | એસસી | જય ભૂપેન્દ્રભાઇ વાઘેલા | ભાજપ | 4522 |
| વોર્ડ - 8 | સામાન્ય | શૈલેષકુમાર પરમાર (મિથુન) | ભાજપ | 4547 |
| વોર્ડ - 9 | OBC સ્ત્રી | સજજનબેન ગોહેલ | ભાજપ | 3991 |
| વોર્ડ - 9 | સા. સ્ત્રી | કાજલ સુનિલભાઇ પટેલ | ભાજપ | 5184 |
| વોર્ડ - 9 | સામાન્ય | કલ્પેશકુમાર રાવળ | ભાજપ | 5600 |
| વોર્ડ - 9 | સામાન્ય | મયુરકુમાર હર્ષદભાઇ પટેલ | ભાજપ | 4544 |
| વોર્ડ - 10 | સા. સ્ત્રી | ભૂમિકાબેન જતીનભાઈ પટેલ | ભાજપ | 6779 |
| વોર્ડ - 10 | સા. સ્ત્રી | મેઘાબેન અલ્પેશભાઈ પટેલ | ભાજપ | 5251 |
| વોર્ડ - 10 | ઓબીસી | પ્રકાશભાઇ જાદવભાઈ મિસ્ત્રી | ભાજપ | 6003 |
| વોર્ડ - 10 | સામાન્ય | હીરેનકુમાર જનકભાઈ પટેલ | ભાજપ | 5213 |
| વોર્ડ - 11 | સા. સ્ત્રી | નીલમબેન રૂચિરકુમાર જોષી | ભાજપ | 6724 |
| વોર્ડ - 11 | સા. સ્ત્રી | પ્રતીક્ષાબેન અવનીશભાઈ જોષી | ભાજપ | 6273 |
| વોર્ડ - 11 | ઓબીસી | સમીર કૃષ્ણકાંત બારોટ | ભાજપ | 5387 |
| વોર્ડ - 11 | સામાન્ય | મનિષભાઈ મહેન્દ્રભાઇ પટેલ | ભાજપ | 6128 |
| વોર્ડ - 12 | OBC સ્ત્રી | સેજલબેન મોહનભાઇ રબારી | ભાજપ | 3937 |
| વોર્ડ - 12 | સા. સ્ત્રી | સ્નેહલબેન વ્રજેશભાઈ પટેલ | ભાજપ | 4186 |
| વોર્ડ - 12 | સામાન્ય | ગૌરાંગભાઈ શાંતીલાલ પટેલ | ભાજપ | 6153 |
| વોર્ડ - 12 | સામાન્ય | હાર્દિક અશ્વિનભાઈ ભટ્ટ | કોંગ્રેસ | 4200 |
| વોર્ડ - 13 | OBC સ્ત્રી | સોનલબેન ભરતભાઇ તળપદા | ભાજપ | 5293 |
| વોર્ડ - 13 | સા. સ્ત્રી | કિન્નરીબેન ચિરાગ શાહ | ભાજપ | 6383 |
| વોર્ડ - 13 | સામાન્ય | ઈશીત જગદીશભાઇ પટેલ | ભાજપ | 8856 |
| વોર્ડ - 13 | સામાન્ય | હિરેનકુમાર સુરેશભાઇ દેસાઇ | ભાજપ | 5075 |

**ભાજપનો પ્લાન 'બી' | આણંદ જિલ્લા પંચાયતમાં ભાજપની ચાણક્ય નીતિ**

# સારસા બેઠકના વિજેતા મહિલા ઉમેદવારને પ્રમુખ બનાવશે !

**સારસા સામાન્ય બેઠક** પર એસટી મહિલાને ટીકીટ આપી હતી

**સામાન્ય મહિલા** બેઠક પર આદિજાતિ ઉમેદવારને ઉતારી કોંગ્રેસને 'ક્લીન બોલ્ડ' કરી

(પ્રતિનિધિ) આણંદ તા.28

આણંદ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓનો ચુંટણી જંગનુ પરિણામ આવી ગયું છે. આણંદ જિલ્લા પંચાયત બહુમતીથી ભાજપે અંકે કરી છે. પરંતુ આ રસાકસી વચ્ચે આણંદ જિલ્લા પંચાયતના પ્રમુખપદ માટે ભાજપે ઘડેલી એક અત્યંત ગુપ્ત અને વ્યૂહાત્મક રણનીતિ હાલ સમગ્ર જિલ્લામાં ટોક-ઓફ-ધ-ટાઉન બની છે. રોટેશન મુજબ પ્રમુખપદ આદિજાતિ માટે અનામત હોવા છતાં, ભાજપે માત્ર એક બેઠક પર નિર્ભર રહેવાને બદલે જે 'પ્લાન-બી' તૈયાર કર્યો હતો, તેણે વિરોધ પક્ષ કોંગ્રેસને વિચારતા કરી દીધા છે.

આણંદ જિલ્લા પંચાયતની કુલ 40 બેઠકો પૈકી પ્રમુખપદ આ વખતે અનુસૂચિત આદિજાતિ (ST) માટે અનામત રાખવામાં આવ્યું છે. સમગ્ર જિલ્લામાં માત્ર 'હાડગુડ' બેઠક જ આ વર્ગ માટે અનામત છે, જેથી સામાન્ય રીતે એવું મનાતું હતું કે આ બેઠક જીતનાર જ પ્રમુખ બનશે. પરંતુ, ભાજપ સંગઠને દસેક દિવસ પૂર્વે એક અત્યંત ગુપ્ત ઓપરેશન પાર પાડીને જિલ્લાની સારસા 'સામાન્ય સ્ત્રી અનામત' બેઠક પર અનુસૂચિત આદિજાતિની મહિલાને મેન્ડેટ આપી ચૂંટણી જંગમાં ઉતાર્યા હતાં. જે વિજેતા બન્યાં છે.

રાજકીય વિશ્લેષકોના મતે, જો હાડગુડ બેઠક પર ભાજપની હાર થાય અને કોંગ્રેસનો ઉમેદવાર વિજેતા બને, તે ગણતરી ઊંધી પાડવા ભાજપે વિકલ્પ ખુલ્લો રાખ્યો હતો. સારસા સામાન્ય બેઠક પરથી ચૂંટણી લડી રહેલા આદિજાતિ મહિલા ઉમેદવાર વિજેતા બન્યા છે, તો તેઓ પોતાનું જાતિનું પ્રમાણપત્ર રજૂ કરીને પ્રમુખપદ પર દાવો કરી શકશે. આમ, ભાજપે કોઈપણ સંજોગોમાં પ્રમુખપદ પોતાની પાસે જ રહે તેવી પાકી ગોઠવણ કરી લીધી છે.

### કોંગ્રેસનું સંગઠન 'વામણું' પુરવાર થયું?

ભાજપની આ આક્રમક રણનીતિ સામે કોંગ્રેસ સંગઠન સાવ નિષ્ક્રિય રહ્યું હોય તેમ જણાય છે. કોંગ્રેસે આવી કોઈ વૈકલ્પિક ગોઠવણ કરી નથી, જેને કારણે રાજકીય મોરચે એવી ચર્ચા છે કે મોભાદાર પ્રમુખપદ મેળવવાના દાવપેચમાં કોંગ્રેસ ભાજપ સામે પછડાટ ખાઈ છે. હાલ તો હાડગુડ કરતા પણ આ 'સામાન્ય' બેઠક પરની આદિજાતિ મહિલાની ઉમેદવારી વધુ ચર્ચા જગાવી રહી છે.

### ચૂંટણીનું ગણિત અને ભાજપનો ટાર્ગેટ

ભાજપે માત્ર નસીબ પર આધાર રાખવાને બદલે 40 બેઠકોના સમીકરણોને ધ્યાન રાખીને આ ચોક્કસ બેઠક પર ટાર્ગેટ કર્યો છે. પરંતુ વિપરીત સંજોગોમાં સામાન્ય બેઠકના વિજેતા મહિલા ઉમેદવારને સત્તાના શિખરે બેસાડવાની ભાજપની આ તૈયારીએ વિપક્ષી છાવણીમાં સોંપો પાડી દીધો છે. હવે જોવાનું એ રહેશે કે સમયના ગર્ભમાં શું છુપાયેલું છે ? અને કોનું નસીબ બળવત્તર બને છે.

### સાંસદના વિવાદિત નિવેદનથી આંકલાવ તાલુકા પંચાયતમાં ભાજપની હાર

આણંદના સાંસદ મિતેષ પટેલ દ્વારા કરવામાં આવેલા વિવાદિત નિવેદનને કારણે આંકલાવ તાલુકા પંચાયતમાં ભાજપે સત્તા ગુમાવવી પડી હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે. ગયા અઠવાડિયે આંકલાવ ખાતે તાલુકા પંચાયતની ચૂંટણી પૂર્વે સાંસદ મિતેષ પટેલે એક વિવાદિત નિવેદન આપ્યું હતું. જાહેર થયેલા પરિણામોમાં તેની સીધી અસર જોવા મળી છે, જેમાં આંકલાવ તાલુકા પંચાયતની કુલ 20 બેઠકોમાંથી ભાજપ માત્ર સાત બેઠકો પર જ વિજય મેળવી શક્યું છે. આ નિવેદનને પગલે ભાજપના હાથમાંથી સત્તા સરકી ગઈ હોવાનું અને સ્થાનિક સ્તરે આ વિવાદિત ટિપ્પણીની માઠી અસર પડી હોવાનું જાણવા મળેલ છે.

# કપડવંજ તાલુકામાં ભાજપનું વર્ચસ્વ

(પ્રતિનિધિ) કપડવંજ, તા. 28

ખેડા જિલ્લા પંચાયતની યોજાયેલી ચૂંટણીમાં કપડવંજ તાલુકાની કુલ 6 બેઠકોના પરિણામો જાહેર થયા છે, જેમાં ભાજપે ૪ બેઠકો પર જીત મેળવી પોતાનું પ્રભુત્વ જાળવી રાખ્યું છે, જ્યારે કોંગ્રેસના ફાળે ૨ બેઠકો ગઈ છે. ભાજપના વિજેતા ઉમેદવારોમાં અલવા બેઠક પરથી રૂપલબેન ડી. પટેલ, આંબલીયારાથી મધુબેન ડી. સોલંકી, અંતિસરથી જગદીશ એમ. રાઠોડ અને લેટર બેઠક પરથી જીગીશાબેન ડી. પરમારનો સમાવેશ થાય છે. બીજી તરફ, કોંગ્રેસ તરફથી આંત્રોલી બેઠક પર મધુબેન એચ. ઝાલા અને બેટાવાડા બેઠક પર ઈશ્વરભાઈ કે. પરમાર વિજેતા જાહેર થયા છે.

# માતર અને લીંબાસીમાં દિગ્ગજોના ગઢમાં ગાબડાં

કોંગ્રેસમાં જોડાયેલા કેસરીસિંહ પક્ષને ફાયદો કરાવી ન શક્યાં

(પ્રતિનિધિ) માતર, તા. 28

માતર અને લીંબાસીમાં આંચકાજનક પરિણામો જોવા મળ્યા છે. માતરના ભાજપના ધારાસભ્ય કલ્પેશભાઈ પરમાર પોતાના જ ગામની ભલાડા તાલુકા પંચાયતની બેઠક બચાવી શક્યા નથી. ભલાડા બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર અલ્કાબેન સોલંકીને 2322 મત મળ્યા હતા, જેની સામે ભાજપના ઉમેદવાર હંસાબેન પરમારને 1571 મત મળ્યાં હતાં.

આ બેઠક પર આમ આદમી પાર્ટીને માત્ર 136 વોટ મળ્યા હતા. બીજી તરફ, લીંબાસીમાં પણ પક્ષપલટો કરનાર નેતાને મતદારોએ જાકારો આપ્યો છે. કોંગ્રેસમાં જોડાયેલા પૂર્વ ધારાસભ્ય કેશરીસિંહ સોલંકી લીંબાસી જિલ્લા પંચાયતની બેઠક જીતાડવામાં નિષ્ફળ રહ્યા છે.

આ બેઠક પર રસાકસીભર્યા જંગમાં ભાજપના ઉમેદવાર શારદાબેન કનુભાઈ મકવાણાને 9402 મત મળ્યા હતા, જ્યારે કોંગ્રેસના ઉમેદવાર ઉર્મિલાબેન દશરથભાઈ સોલંકીને 9308 મત મળતા ભાજપનો વિજય થયો છે. આમ, બંને પક્ષોના ગઢ ગણાતા વિસ્તારોમાં મતદારોએ આશ્ચર્યજનક ચુકાદો આપ્યો છે.

**કપડવંજ - કણજરી પાલિકામાં ભાજપ અને ઠાસરામાં અપક્ષનો દબદબો**

# કઠલાલમાં સમાજવાદી પાર્ટીનું વર્ચસ્વ

**કપડવંજના અપક્ષ** ઉમેદવારે 2751 મતો સાથે નવો વિક્રમ સર્જ્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.28

ખેડા જિલ્લાની ચાર પાલિકાઓની સામાન્ય ચૂંટણીના પરિણામો આજે જાહેર થયા છે, જેમાં મતદારોનો મિશ્ર પ્રતિસાદ જોવા મળ્યો છે. ઠાસરામાં પરિવર્તનનો પવન ફૂંકાતા ભાજપના ગઢમાં ગાબડું પડ્યું છે, જ્યારે કપડવંજ અને કણજરીમાં ભાજપે પોતાની સત્તા જાળવી રાખી કેસરીયો લહેરાવ્યો છે.

કઠલાલમાં ભાજપ અને સમાજવાદી પાર્ટી વચ્ચે સીધો જંગ જોવા મળ્યો હતો. પ્રશાંત પટેલના નિધન બાદ તેમના પત્ની તોરલ પટેલે મોરચો સંભાળી વ્યૂહાત્મક પ્રચાર દ્વારા સપાના ૫ ઉમેદવારોને વિજય અપાવ્યો છે. અહીં કોંગ્રેસ સાવ નિષ્ક્રિય જણાતા મતદારોએ ભાજપના વિકલ્પ તરીકે ફરી સમાજવાદી પાર્ટી પર પસંદગી ઉતારી છે.

### ઠાસરામાં અપક્ષોએ સત્તા આંચકી

ઠાસરા નગરપાલિકાની કુલ 24 બેઠકોમાંથી અપક્ષોએ 13 બેઠકો પર વિજય મેળવી સ્પષ્ટ બહુમતી હાંસલ કરી છે, જ્યારે ભાજપ માત્ર 11 બેઠકો પર સમેટાઈ ગયું છે. અગાઉ 8 ઉમેદવારો બિનહરીફ થતા ભાજપ મજબૂત જણાતું હતું, પરંતુ પરિણામોમાં અપક્ષોએ સપાટો બોલાવ્યો છે. અહીં બચતુલ્લાબાનુ સૈયદ અને મહંમદસહીદ મલેક સૌથી વધુ સરસાઈ સાથે વિજેતા બન્યા છે.

### કપડવંજ-કણજરીમાંભાજપનુંશાસનયથાવત

કપડવંજમાં ભાજપે 28માંથી 19 બેઠકો મેળવીને મજબૂત પકડ સાબિત કરી છે. નોંધનીય છે કે, અહીં વોર્ડ-2ના અપક્ષ ઉમેદવાર ઈમ્તિયાઝભાઈ શેખે સમગ્ર જિલ્લામાં સૌથી વધુ 2751 મતો મેળવી વિજયનો નવો રેકોર્ડ બનાવ્યો છે. બીજી તરફ, કણજરીમાં પણ ભાજપે 15 બેઠકો જીતી શાસન જાળવ્યું છે, જ્યારે કોંગ્રેસ 9 બેઠકો સાથે વિરોધ પક્ષ તરીકે ઉભરી છે.